1. વાણિજ્ય સેવાઓમાં કઈ કઈ સેવાઓનો સમાવેશ થાય છે? (July 18)

➢ જાહેર ખબરો, કાયદાકીય સલાહ, જનસંપર્ક સેવાઓ, પરામર્શન સેવાઓ વગેરે સેવાઓનો વાણિજ્ય સેવાઓમાં સમાવેશ થાય છે.

2. સરકાર દ્વારા લોકોને કઈ સેવાઓ અપાય છે?

➢ સુરક્ષા, શિક્ષણ, સ્વાચ્ય, સફાઈ અને કાયદાકીય વ્યવસ્થા જેવી અનેક પ્રકારની સેવાઓ સરકાર દ્વારા લોકોને અપાય છે.

3. ઈન્ટરનેટના આંતરરાષ્ટ્રીય વ્યવહારનું ઉદ્ગમ કેન્દ્ર કયો દેશ છે? (March 19)

➢ ઈન્ટરનેટના આંતરરાષ્ટ્રીય વ્યવહારનું ઉદ્ગમ કેન્દ્ર યુ.એસ.એ. છે.

4. ચતુર્થક પ્રવૃત્તિ એટલે શું?

➢ માનવીને અપાતી વિશિષ્ટ પ્રકારની સેવાઓને 'ચતુર્થક પ્રવૃત્તિ' કહે છે. જેમ કે સંશોધન, વીમો, માહિતીસંગ્રહ, માહિતીનું ઉત્પાદન વગેરે.

5. મનોરંજન સેવાઓનાં ઉદાહરણ આપો.

➢ દૂરદર્શન, રેડિયો, ફિલ્મ અને સાહિત્ય મનોરંજન સેવાઓનાં ઉદાહરણ છે.

6. તૃતીયક પ્રવૃત્તિ કોને કહે છે?

➢ માનવીને આપી શકાય તેવી સેવાઓને 'તૃતીયક પ્રવૃત્તિ' કહે છે. સુથાર, રસોઈયા, વકીલ, શિક્ષક, અધ્યાપક વગેરે દ્વારા અપાતી સેવાઓ તૃતીયક પ્રવૃત્તિઓ છે.

7. સિલિકોન વેલી એટલે શું?

➢ ઈન્ફર્મેશન ટેક્નોલૉજી (માહિતી તકનિકી) સંદર્ભે ઘણા વિકસિત ઉદ્યોગગૃહોનું એક સંકુલ એટલે સિલિકોન વેલી.

8. ઈન્ફર્મેશન ટેકનોલૉજીના ઉપયોગથી કયા નવા ક્ષેત્રનો વિકાસ થયો છે? (March 18, July 18)

➢ ઈન્ફર્મેશન ટેકનોલૉજીના ઉપયોગથી જીનેટિક એન્જિનિયરિંગના નવા ક્ષેત્રનો વિકાસ થયો છે.

9. પંચમ પ્રવૃત્તિ સાથે કયા પ્રકારના લોકો જોડાયેલા છે?

➢ પંચમ પ્રવૃત્તિ સાથે વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો, નિર્ણય નિર્ધારકો, ઉચ્ચ પ્રકારના સલાહકારો અને નવી નીતિઓના નિર્ધારકો વગેરે પ્રકારના લોકો જોડાયેલા છે.

10. પંચમ પ્રવૃત્તિની મહત્ત્વની બાબતો કઈ છે?

- સુચના પ્રૌદ્યોગિકી, માનવસંસાધન, ગ્રાહક સહાયતા અને કૉલસેન્ટર સેવાઓને વધુ ઉત્પાદક, ઝડપી, સરળ બનાવવાની પ્રક્રિયાઓ પંચમ પ્રવૃત્તિની મહત્ત્વની બાબતો છે.

11. માહિતી પર આધારિત અર્થવ્યવસ્થાનાં વૈશ્વિક કેન્દ્રીય સ્થળો કયાં છે ?

- લંડન, ન્યૂ યૉર્ક અને ટોકિયો આ ત્રણેય શહેરો માહિતી પર આધારિત અર્થવ્યવસ્થાનાં વૈશ્વિક કેન્દ્રીય સ્થળો છે.

12. ચતુર્થક પ્રવૃત્તિઓને વિસ્તરવાનાં મહત્ત્વનાં કારણો કયાં છે?

- આધુનિક સંદેશવ્યવહાર અને પરિવહનક્ષેત્રોના કારણે ચતુર્થક પ્રવૃત્તિઓ વિસ્તરી છે.

13. માનવીની કઈ શક્તિઓથી પંચમ પ્રવૃત્તિ વિકસે છે?

- માનવીની અતિ સૂથમ માનસિક શક્તિ અને કલ્પનાતીત કૌશલ્ય શક્તિથી પંચમ પ્રવૃત્તિ વિકસે છે.

14. આંતરરાષ્ટ્રીય અર્થવ્યવસ્થા સાથે જોડાયેલાં મહત્ત્વનાં વૈશ્વિક શહેરો કયાં છે ?

- લંડન, ન્યૂ યોર્ક, ટોકિયો, પરિસ, ટોરેન્ટો, ઑસાકા, મુંબઈ, હગિકોંગ વગેરે શહેરો આંતરરાષ્ટ્રીય અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા મહત્ત્વનાં વૈશ્વિક શહેરો છે.

15. ચતુર્થક પ્રવૃત્તિઓના હેતુઓ જણાવો.

- ચિંતન, સંશોધન અને વિકાસ માટે નવા વિચારો આપવાના હેતુઓ ચતુર્થક પ્રવૃત્તિઓના છે.

16. ભારતનાં કયાં શહેરોમાં આઈ.ટી. ક્ષેત્રોનાં સંકુલો કાર્યરત છે?

- ભારતમાં બેંગલુરુ, ગાંધીનગર, હૈદરાબાદ, પુણે વગેરે શહેરોમાં આઈ.ટી. ક્ષેત્રોનાં સંકુલો કાર્યરત છે.

17. કયા દેશોમાં ઇન્ટરનેટ દ્વારા આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ થઈ રહ્યો છે? .

- યૂ.કે., ચીન, જર્મની અને જાપાન વગેરે દેશોમાં ઇન્ટરનેટ દ્વારા આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ થઈ રહ્યો છે.

18. બિનસરકારી સંગઠનો કઈ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે?

- બાળચિકિત્સા , પર્યાવરણજતન, સ્વચ્છતા, ગ્રામવિકાસ, સ્ત્રીસશક્તીકરણ, સામાજિક દૂષણો દૂર કરવાં વગેરે સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે.

19. સેવાઓના મુખ્ય વિભાગો કયા કયા છે?

- સેવાઓના મુખ્ય વિભાગો : સ્વાચ્ય અને કલ્યાણ, શિક્ષણ, મનોરંજન , પરિવહન, સમાજકલ્યાણ, દૂરસંચાર, વ્યાપાર, બચત વગેરે.

20. કઈ કંપનીઓ સૌથી વધુ માહિતીપ્રધાન આર્થિક પ્રવૃત્તિઓ કરે છે?

- બેંક્રો, જીવનવીમાકંપનીઓ, સંરક્ષણ સાથે જોડાયેલી કંપનીઓ વગેરે વધુમાં વધુ માહિતીપ્રધાન આર્થિક પ્રવૃત્તિઓ કરે છે.

21. વર્તમાનમાં મનોરંજનનાં માધ્યમો કયાં છે?

- વર્તમાનમાં પ્રવાસ, પર્યટન, દૂરદર્શન અને ઇન્ટરનેટ મનોરંજનના માધ્યમો છે,

22. કયા માધ્યમથી ઉત્પાદિત માલની માહિતી ઉપભોક્તા સુધી પહોંચે છે ?

- જાહેર ખબરોના માધ્યમથી ઉત્પાદિત માલની માહિતી ઉપભોક્તા સુધી પહોંચે છે,

23. સમૂહ માધ્યમો કયાં કયાં છે ?

- રેડિયો, વર્તમાનપત્રો, દૂરદર્શન, ફિલમો વગેરે સમૂઈ માધ્યમો છે.

24. તૃતીયક પ્રવૃત્તિના વિકાસનું મુખ્ય કારણ કયું છે?

- દ્વિતીયક પ્રકારની પ્રવૃત્તિઓમાં રોજગારીનું પ્રમાણ ઘટતાં તૃતીયક પ્રવૃત્તિઓનો વિકાસ થયો છે.

25. અપ્રત્યક્ષ ઉત્પાદનપ્રક્રિયાને કઈ બાબતો પ્રભાવિત કરે છે?

- જ્ઞાન (Knowledge), માહિતી (Information) અને પ્રત્યાયન (Communication) વગેરે અપ્રત્યક્ષ ઉત્પાદન પ્રક્રિયાને પ્રભાવિત કરે છે.

26. યુ.એસ.એ.માં ક્યાં સિલિકોન વેલી પ્રકારનાં ઔદ્યોગિક સંકુલો જાણીતાં છે?

- ન્યૂ.એસ.એ.માં બોસ્ટન અને કેલિફૉર્નિયામાં સિલિકોન વેલી પ્રકારનાં ઔદ્યોગિક સંકુલો જાણીતાં છે.

27. ઇન્ફર્મેશન ટેકનોલૉજી એટલે શું?

- ઇન્ફર્મેશન ટેકનોલૉજી એટલે માહિતીના સંયોજન, પ્રોસેસિંગ, માહિતીનો મોટા પાયે સંગ્રહ અને પ્રસારણમાં સહાયભૂત થતાં સાધનો..

28. આઈ.ટી. તકનિકીનો ઉપયોગ કયાં ક્ષેત્રોમાં થાય છે?

- આઈ.ટી. તકનિકીનો ઉપયોગ વ્યાપાર, ચિકિત્સા, પરિવહન, અંતરિક્ષ વિજ્ઞાન, શિક્ષણ, ઉદ્યોગો, બૅંક્રો, મોટાં ઔદ્યોગિક ગૃહો, સરકારી કચેરીઓ વગેરે ક્ષેત્રોમાં થાય છે.

29. વર્તમાન ટેકનોલૉજી ક્રાંતિની મુખ્ય વિશેષતાઓ કઈ છે?

- જ્ઞાનનું નિષ્પાદન, માહિતીસંસાધનની પ્રયુક્તિઓનું જ્ઞાન, માહિતીની પ્રક્રિયાઓની વહેંચણી વગેરે વર્તમાન ટેક્નોલોજી ક્રાંતિની મુખ્ય વિશેષતાઓ છે.

## 30. કઈ સેવાઓમાં ઇન્ટરનેટનો ઉપયોગ થવાથી માહિતીનું પ્રસારણ ઝડપી બન્યું છે ?

- પાસપોર્ટ, સરકારી વેરાઓની નોંધ, ટેલિફોન સેવાઓ, ગુનાઓ અંગેની નોંધ, ચિકિત્સાના રિપોર્ટ વગેરે સેવાઓમાં ઇન્ટરનેટનો ઉપયોગ થવાથી માહિતી પ્રસારણ ઝડપી બન્યું છે.

## 31. સેવાપ્રવૃત્તિ એટલે શું?

- દાક્તર, વકીલ, શિક્ષક, ભોમિયો વગેરે નિશ્ચિત રકમ લઈ પોતાની સેવાઓ પૂરી પાડે છે. આ પ્રવૃત્તિથી ચીજવસ્તુનું ઉત્પાદન થતું નથી, તેને સેવાપ્રવૃત્તિ કહે છે.